### કોંગ્રેસે આવેદનપત્ર પાઠવી ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી

# છોટાઉદેપુર નગરમાં બમણો વેરો ઝીંકાતા પાલિકા સામે હલ્લાબોલ

**વેરો તાકીદે** રદ કરવા કોંગ્રેસ દ્વારા માંગણી કરાઇ





(પ્રતિનિધિ) છોટાઉદેપુર તા.16

છોટાઉદેપુર નગરપાલિકા દ્વારા એકાએક કરવામાં આવેલા અસહ્ય વેરા વધારાને લઈને નગરમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ વધારો રદ કરવાની માંગ સાથે કોંગ્રેસના જિલ્લા અને શહેર પ્રમુખ સહિત મોટી સંખ્યામાં કાર્યકરોએ નગર સેવા સદન ખાતે ઉમટી પડી આવેદનપત્ર પાઠવ્યું હતું.

છોટાઉદેપુર નગર પાલિકા દ્વારા વેરાની રકમમાં એકાએક બમણો કે તેથી વધુ વધારો કરી દેવામાં આવ્યો છે. આ બાબતે વિરોધ નોંધાવતા કોંગ્રેસના જિલ્લા પ્રમુખ શશિકાંતભાઈ રાઠવા, શહેર પ્રમુખ સુલેમાન રલીયા અને અન્ય કાર્યકરોએ આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, નગરમાં કરવામાં આવેલો આ વધારો કોઈ પણ રીતે તાર્કિક નથી અને તે સહન કરી શકાય તેમ પણ નથી.

આ અંગે આગેવાનોએ વધુમાં જણાવ્યું હતું કે, છોટાઉદેપુર નગરના રહેવાસીઓની આવકમાં કોઈ બમણો વધારો થયો નથી કે જેથી તેઓ આટલો તોતિંગ વેરો ભરી શકે. પાલિકા સમક્ષ એવી માંગણી કરવામાં આવી છે કે આ વધારી દેવામાં આવેલ વેરો તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે. જો પાલિકાને વેરામાં વધારો કરવો જ હોય, તો તે યોગ્ય પ્રક્રિયા દ્વારા અને તાર્કિક પ્રમાણમાં કરવો જોઈએ. આ ઉપરાંત કોંગ્રેસના આગેવાનોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આ બાબતે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે, તો નાછૂટકે તેઓએ પ્રજાના હિતમાં ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે.

### પ્રાંત અધિકારીના અધ્યક્ષસ્થાને સંકલન બેઠક યોજાઈ

# ઝાલોદ અને નવરચિત લીમડી તાલુકામાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી માટે તંત્ર સજ્જ

**મહુડી** અને કારઠ ખાતે કાર્યક્રમો યોજાશે



(પ્રતિનિધિ) ઝાલોદ તા.16

ઝાલોદ અને નવરચિત ગુરુ ગોવિંદ લીમડી તાલુકામાં આગામી પ્રજાસત્તાક પર્વની ગૌરવભેર ઉજવણી કરવા માટે વહીવટી તંત્ર સંપૂર્ણ રીતે સજ્જ બન્યું છે. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી શાંતિપૂર્ણ અને સુચારુ રીતે થાય તે હેતુથી ઝાલોદ પ્રાંત અધિકારી એ. કે. ભાટિયાના અધ્યક્ષસ્થાને એક મહત્વની સંકલન બેઠક યોજાઈ હતી, જેમાં વિવિધ વિભાગના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ, ઝાલોદ તાલુકા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી મહુડી મુકામે કરવામાં આવશે. જ્યારે નવરચિત ગુરુ ગોવિંદ લીમડી તાલુકામાં જિલ્લા કક્ષાનો કાર્યક્રમ કારઠ મુકામે આવેલા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે સવારના 9 વાગ્યે યોજાશે. આ કાર્યક્રમોમાં ધ્વજવંદન, પરેડ અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આકર્ષણ રહેશે.

પ્રાંત અધિકારી એ. કે. ભાટિયાએ બેઠક દરમિયાન ધ્વજવંદન, સુરક્ષા, ટ્રાફિક નિયંત્રણ, સ્વચ્છતા અને બેઠક વ્યવસ્થા જેવા તમામ મુદ્દાઓ પર વિગતવાર સમીક્ષા કરી હતી. તેમણે તમામ વિભાગોને પરસ્પર સંકલન જાળવી સમયસર કામગીરી પૂર્ણ કરવા કડક સૂચના આપી છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

## ગતિવિધિ

### શિનોર ખાતે નર્મદા કિનારે 'કલ્યાણ કુંજ હવેલી'નું ભવ્ય ખાતમુર્હુત સંપન્ન



**શિનોર |** શિનોરમાં નર્મદા નદી કિનારે દ્વારકેશલાલજી મહારાજના આશીર્વાદથી ગોવર્ધનનાથજીની 'કલ્યાણ કુંજ હવેલી'નું વિધિવત ખાતમુર્હુત કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ટ્રસ્ટી પરેશભાઈ શાહ અને સચિનભાઈના હસ્તે વૈદિક મંત્રોચ્ચાર સાથે નિર્માણ કાર્યનો આરંભ કરવામાં આવ્યો હતો, જેમાં મોટી સંખ્યામાં વૈષ્ણવ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. આ હવેલીના નિર્માણથી શિનોર વિસ્તારમાં ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને વેગ મળશે અને ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર બનશે. વડોદરાની પ્રસિદ્ધ કલ્યાણરાયજી હવેલીના માર્ગદર્શન હેઠળ નિર્મિત થનારી આ હવેલી વૈષ્ણવ સંપ્રદાય માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહેશે.

### મહારાષ્ટ્ર કોર્પોરેશન ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય થતાં છોટાઉદેપુરમાં વિજયોત્સવ મનાવાયો



**છોટાઉદેપુર |** મહારાષ્ટ્ર કોર્પોરેશન ચૂંટણીમાં ભાજપાના પ્રચંડ વિજયને વધાવવા માટે છોટાઉદેપુર જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે જિલ્લા પ્રમુખ ઉમેશભાઈ રાઠવાની ઉપસ્થિતિમાં વિજયોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જીતની ખુશીમાં ઉત્સાહિત કાર્યકરોએ ફટાકડા ફોડી અને એકબીજાને મીઠાઈ ખવડાવી મોઢું મીઠું કરાવી આનંદ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા, તાલુકા અને શહેરના પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકરોએ હાજર રહીને એકમેકને અભિનંદન પાઠવ્યા હતા. મહારાષ્ટ્રમાં મળેલી આ ભવ્ય સફળતાને પગલે ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ અને હર્ષની લાગણી જોવા મળી હતી.

### સુખસર કૃષિ શાળા ખાતે બે દિવસીય 'મેદસ્વિતા મુક્ત ગુજરાત' યોગ શિબિરનું આયોજન



સુખસર | ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન હેઠળ દાહોદના સુખસર ખાતે કૃષિ શાળાના મેદાનમાં 18મી અને 19મી જાન્યુઆરીએ વિશેષ શિબિર યોજાશે. આ શિબિર યોગ સેવક શશીપાલજીના માર્ગદર્શન હેઠળ 18મીએ સાંજે 4થી 6 અને 19મીએ સવારે 6થી 8 કલાકે યોજાશે, જેમાં ભાઈ-બહેનો પરિવાર સહિત ભાગ લઈ શકશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રયાસોથી શરૂ થયેલી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે જનતાને સ્વસ્થ અને મેદસ્વિતા મુક્ત રાખવા આ આયોજન કરાયું છે. આ શિબિરની વધુ માહિતી માટે જિલ્લા યોગ કો-ઓર્ડિનેટર ધુળાભાઈ પારગીનો ૯૬૬૨૭૬૫૫૧૯ અથવા ૮૨૦૦૭૧૮૦૬૫ પર સંપર્ક કરી શકાશે.

# વડોદરા ગ્રામ્ય પોલીસમાં 9 પીઆઈની સાગમટે બદલી

**કમૂરતા ઉતરતા** જ જિલ્લા પોલીસ વડાએ ગંજીફો ચિપ્યો

(પ્રતિનિધિ) ડભોઈ તા.16

વડોદરા જિલ્લા પોલીસ વડા સુશીલ અગ્રવાલે મકરસંક્રાંતિની ઉજવણી પૂર્ણ થતાની સાથે જ જિલ્લાના પોલીસ બેડામાં મોટો વહીવટી ફેરફાર કર્યો છે. જેમાં 9 પોલીસ ઈન્સ્પેક્ટરની આંતરિક બદલી કરી હતી.

વડોદરા જિલ્લામાં વિદેશી દારૂની હેરાફેરી, ઘરફોડ ચોરીઓ અને ગુનાખોરીના વધતા ગ્રાફને નિયંત્રિત કરવા માટે કુલ ૯ પોલીસ ઈન્સ્પેક્ટરોની આંતરિક બદલીના આદેશો જારી કરવામાં આવ્યા છે. કમૂરતા પૂર્ણ થતાની સાથે જ થયેલા આ ફેરફારોને કારણે સ્થાનિક બુટલેગરો અને લાઈનના ખેપિયાઓના ગણિત બગડી ગયા છે. આ બદલીના આદેશો મુજબ, ડભોઈ, વાઘોડિયા, કરજણ, ભાદરવા, શિનોર અને ડેસર સહિત SOG ના પી.આઈ.ની પણ અરસપરસ બદલી કરવામાં આવી છે.

જિલ્લા સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપના પોલીસ ઈન્સ્પેક્ટર જે.એમ.ચાવડાને ડભોઈ મુક્યા છે. તેવી જ રીતે કે.જે. ઝાલા ડભોઈથી IUCAW, એ.ઓ. ભરવાડને ભાદરવાથી ડેસર, વી.એન.ચૌધરીને ડેસરથી લિવ રિઝર્વ, જે.જી.દેસાઈને IUCAW થી ભાદરવા, પી.આઈ. જાડેજાને વાઘોડિયાથી શિનોર, બી.આઈ. ગોહિલને શિનોરથી એસઓજી, એ.કે.ભરવાડ કરજણથી વાઘોડિયા, બી.એમ.પટેલને લિવ રિઝર્વથી કરજણ ખાતે મુકવામાં આવ્યા છે. આ બદલીઓને કારણે જિલ્લા પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે.

### છોટાઉદેપુર કલેક્ટરે અછાલા અને અંબાલાની મુલાકાત લઈ ગ્રામજનો સાથે સીધો સંવાદ કર્યો

# અછાલા અને અંબાલામાં વીજ સમસ્યાઓ હલ કરવા આદેશ

**રેશનિંગ** દુકાન અને હોળી પૂર્વે ભરાતા ફેણાઇ માતાના મેળાના સ્થળનું કલેક્ટરે નિરીક્ષણ કર્યું



(પ્રતિનિધિ) છોટાઉદેપુર તા.16

છોટાઉદેપુર જિલ્લાના છેવાડાના ગામોના વિકાસ અને સ્થાનિક સમસ્યાઓના ત્વરિત નિરાકરણ માટે જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈને સક્રિય અભિગમ અપનાવ્યો છે. તેમણે તાજેતરમાં છોટાઉદેપુર તાલુકાના અછાલા અને અંબાલા ગામોની રૂબરૂ મુલાકાત લઈને ગ્રામજનોના પડતર પ્રશ્નો સાંભળ્યા હતા અને તેના ઉકેલ માટે સ્થળ પર જ ઉપસ્થિત અધિકારીઓને જરૂરી દિશાનિર્દેશો આપ્યા હતા.

છોટાઉદેપુર કલેક્ટર ગાર્ગી જૈનની મુલાકાત દરમિયાન ગ્રામજનોએ વીજ પુરવઠા સંબંધિત સમસ્યાઓ અંગે રજૂઆત કરી હતી. કલેક્ટરે આ બાબતને ગંભીરતાથી લઈ વીજ વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી અને ગ્રામ્ય વિસ્તારોમાં ટેકનિકલ ખામીઓ દૂર કરી નિયમાનુસાર સતત વીજ પુરવઠો પૂરો પાડવા સૂચના આપી હતી.

આ ઉપરાંત કલેક્ટરે ગામની સસ્તા અનાજની દુકાનની આકસ્મિક મુલાકાત લઈ રેશન વિતરણ પ્રક્રિયા અને સ્ટોક રજિસ્ટરની તપાસ કરી હતી. તેમણે સૂચના આપી હતી કે કોઈપણ લાભાર્થી રેશનથી વંચિત ન રહે અને વિતરણમાં સંપૂર્ણ પારદર્શિતા જળવાય તે અંગે તાકીદ કરી હતી. જ્યારે આગામી હોળીના તહેવાર નિમિત્તે યોજાનારા પરંપરાગત ફેણાઈ માતાના મેળાના સ્થળની પણ મુલાકાત લેવામાં આવી હતી. કલેક્ટરે ત્યાં શ્રદ્ધાળુઓ માટે પ્રાથમિક સુવિધાઓ, સુરક્ષા અને વ્યવસ્થા જળવાય તે સંદર્ભે પ્રાથમિક નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત સમયે જિલ્લાના વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને ગ્રામ્ય આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

### નેશનલ હાઈવે 56 પર તંત્રની ઘોર બેદરકારી: વાહનોને થતાં નુકશાનથી રોષ

# બોડેલી-જબુગામ વચ્ચે મેરિયા બ્રિજ પાસે રસ્તાની દયનીય હાલત

**'ઢીમલા' અને** ખાડાઓના સામ્રાજ્યથી વાહનચાલકો ત્રસ્ત



(પ્રતિનિધિ) બોડેલી તા.16

છોટાઉદેપુર જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે નંબર 56 પર વહીવટી તંત્રની ઘોર બેદરકારી સામે આવી રહી છે. બોડેલી અને જબુગામ વચ્ચે આવેલા મુખ્ય માર્ગ પર, ખાસ કરીને મેરિયા બ્રિજની બંને બાજુના રસ્તાઓ અત્યંત બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયા છે. રસ્તા પર ઠેર-ઠેર ખાડાઓનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે અને જાણે રસ્તા પર 'ઢીમલા' પડ્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

આ ઉબડખાબડ રસ્તાઓને કારણે માર્ગ પરથી પસાર થતી લાખો રૂપિયાની ગાડીઓના સસ્પેન્શનને ભારે નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. વહીવટી તંત્ર દ્વારા લાંબા સમયથી આ ખાડાઓ પૂરવાની કે રસ્તાના સમારકામની કોઈ તજવીજ હાથ ધરવામાં આવી નથી. આ ઉપરાંત, રસ્તાની આજુબાજુ રેતીના થર જામ્યા હોવા છતાં તંત્ર દ્વારા તેને હટાવવાને બદલે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.

તંત્રની આ નિષ્ક્રિયતાને કારણે આજુબાજુના ગ્રામજનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. સ્થાનિકો અને વાહનચાલકો દ્વારા એવી માંગ કરવામાં આવી છે કે વહેલી તકે રસ્તા પરથી રેતી હટાવવામાં આવે, ખાડાઓ પૂરવામાં આવે અને મેરિયા બ્રિજ આસપાસના રસ્તાનું યોગ્ય સમારકામ કરવામાં આવે જેથી વાહનચાલકોને પડતી મુશ્કેલીઓનો અંત આવે.

# સંખેડા પાસે કારમાંથી દારૂ - બિયર પકડાયાં

**લોટીયા ચોકડી** પાસે પોલીસે કાર્યવાહી કરી 4.14 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) સંખેડા તા.16

છોટાઉદેપુર જિલ્લાના સરહદી વિસ્તારોમાંથી થતી દારૂની હેરાફેરી રોકવા માટે પોલીસ સતર્ક બની છે. સંખેડા પોલીસ સ્ટેશનના પીઆઈ ભરતસિંહ ચૌહાણ અને તેમનો સ્ટાફ જ્યારે લોટીયા ચોકડી પાસે પેટ્રોલિંગમાં હતો, ત્યારે મળેલી ચોક્કસ બાતમીના આધારે નાકાબંધી દરમિયાન એક સ્વિફ્ટ ગાડીમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે.

સંખેડા પોલીસે બાતમી મુજબ લોટીયા ચોકડી પાસે ગોઠવાયેલી નાકાબંધી દરમિયાન શંકાસ્પદ સ્વિફ્ટ ગાડી (નંબર: GJ-06-PG-5975) ને અટકાવવાનો પ્રયાસ કરતા ચાલક ગાડી છોડીને ફરાર થઈ ગયો હતો. પોલીસે ગાડીની તલાશી લેતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂના પ્લાસ્ટિકના કોટરીયા અને બિયરના ટીન સહિત કુલ 342 નંગ દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

આ કાર્યવાહી દરમિયાન પોલીસે દારૂ કિંમત 1,14,593, કારની કિંમત રૂ.3 લાખ મળી કુલ રૂ.4.15 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ અંગે સંખેડા પોલીસે હાલ અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધીને ફરાર આરોપીને પકડવા માટે ગાડીના ચેસીસ નંબરના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

### હાલોલમાં પોલીસ અધિક્ષકની અધ્યક્ષતામાં યોજાયો 'લોકદરબાર'

# હાલોલમાં ટ્રાફિક અને સુરક્ષાના મુદ્દે થઈ ગંભીર ચર્ચા કરાઈ

**નગરના** સંવેદનશીલ વિસ્તારોમાં વધુ સીસીટીવી કેમેરા લગાવવાની ખાતરી



(પ્રતિનિધિ) હાલોલ તા.16

હાલોલ ટાઉન પોલીસ મથકે શુક્રવારના રોજ પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષકની અધ્યક્ષતામાં લોકદરબારનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં હાલોલ નાયબ પોલીસ અધિક્ષક વી. જે. રાઠોડ, ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર આર. એ. જાડેજા, નગરપાલિકા પ્રમુખ નિશાબેન દેસાઈ સહિત વિવિધ વેપારી મંડળો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હાલોલ ટાઉન પોલીસ મથકે લોકદરબારમાં નગરજનો અને વેપારીઓએ ખાસ કરીને નગરમાં વધતી જતી આડેધડ પાર્કિંગ અને ટ્રાફિકની સમસ્યા અંગે રજૂઆત કરી હતી, જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પોલીસે આ સમસ્યાઓના યોગ્ય નિરાકરણ માટે બાંહેધરી આપી હતી અને જનતાને પોલીસની કામગીરીમાં સહકાર આપવા અપીલ કરી હતી.

આ પ્રસંગે જિલ્લા પોલીસ અધિક્ષકે જણાવ્યું હતું કે, નગરની સુરક્ષા વધારવા માટે તબક્કાવાર સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે.

### દાહોદમાં 'ઈકોનોમિક ઝુલોજી' પર વિશેષ વ્યાખ્યાન યોજાયું

દાહોદ | દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે પ્રાણીશાસ્ત્ર વિભાગ, ઈનોવેશન સેલ અને NSS દ્વારા 'ઈકોનોમિક ઝુલોજી: સ્વરોજગારી અને તકો' વિષય પર વિશેષ વ્યાખ્યાન યોજાયું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા ડો. રાધારાણીએ વિદ્યાર્થીઓને મરઘા પાલન, મધમાખી પાલન અને વર્મીકમ્પોસ્ટિંગ જેવા વિષયો દ્વારા આર્થિક ઉપાર્જન કરી આત્મનિર્ભર બનવા માટે પ્રાયોગિક માર્ગદર્શન આપ્યું હતું,. કાર્યકારી આચાર્ય ડો. જી. જે. ખરાદીની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિવિધ વિભાગોના અધ્યક્ષો, સ્ટાફ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# ગોધરા સિવિલમાં 6 નવા અદ્યતન સર્જિકલ આઈસીયુ બેડ કાર્યરત

**પંચમહાલ,** મહિસાગર અને દાહોદ જિલ્લાના ગરીબ-મધ્યમ વર્ગના દર્દીઓને હવે ખાનગી હોસ્પિટલોના મોંઘા ખર્ચમાંથી મુક્તિ મળશે



(પ્રતિનિધિ) ગોધરા તા.16

પંચમહાલ જિલ્લાની ગોધરા જનરલ સિવિલ હોસ્પિટલ ખાતે દર્દીઓની સુવિધામાં ઉત્તરોત્તર વધારો કરતા વધુ 6 નવીન અત્યાધુનિક સર્જિકલ ICU બેડ તૈયાર કરી કાર્યરત કરવામાં આવ્યા છે. આ નવા યુનિટના પ્રારંભ સાથે હોસ્પિટલમાં ICU બેડની કુલ સંખ્યા 30 થી વધીને હવે 36 થઈ ગઈ છે. નિષ્ણાત તબીબોની સેવા અને ગુણવત્તાસભર સારવારને કારણે હોસ્પિટલમાં દર્દીઓનો ધસારો દિન પ્રતિદિન વધી રહ્યો છે, જેને પહોંચી વળવા હોસ્પિટલ તંત્ર દ્વારા આ આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગે સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડો. આશિષ ખરાડીએ જણાવ્યું હતું કે, આ નવા સર્જિકલ ICUમાં વેન્ટિલેટર, ઓક્સિજન તેમજ તમામ પ્રકારની અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સુવિધા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ગંભીર હાલતમાં આવતા દર્દીઓને અન્ય ખાનગી હોસ્પિટલ કે મોટા શહેરોમાં રિફર કરવાને બદલે સિવિલ હોસ્પિટલમાં જ સમયસર અને સચોટ સારવાર પૂરી પાડવાનો છે.

નવી સુવિધા કાર્યરત થવાથી પંચમહાલ સહિત પાડોશી જિલ્લા મહિસાગર અને દાહોદ માંથી આવતા ગરીબ તથા મધ્યમ વર્ગના દર્દીઓને સ્થાનિક સ્તરે જ શ્રેષ્ઠ આરોગ્ય સુવિધા મળશે. ઈમરજન્સીના કિસ્સાઓમાં આ આધુનિકીકરણ દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે અને તેમને મોટી રાહત આપશે.